# ડરાવનો વિલન કે અલ્ટીમેટ ચાય-લવર?



બોલિવૂડમાં જ્યારે પણ સૌથી ડરાવના, ભયાનક અને આઈકોનિક વિલનની વાત નીકળે છે, ત્યારે આપણી આંખો સામે સૌથી પહેલા 'શોલે'નો કિલર 'ગબ્બર સિંહ' જ આવી જાય છે! 'કિતને આદમી થે?' કે 'યે હાથ મુજે દે દે ઠાકુર...' જેવા કલ્ટ ડાયલોગ્સ સાંભળતાં જ આજે પણ દરેક સિનેમાપ્રેમીના શરીરમાં અલગ જ વાઈબ ફિલ થાય છે, પણ બોસ, શું તમે જાણો છો કે પડદા પર આખી દુનિયાને થરથર કાંપવા મજબૂર કરનાર અમજદ ખાન રિયલ લાઈફમાં કેવા હતા?

તમે જાણીને હેરાન થઈ જશો કે સ્ક્રીન પરનો આ ખૂંખાર વિલન વાસ્તવિક જીવનમાં પર્શિયન સાહિત્યના ઉચ્ચ વિદ્વાન, દર્શનશાસ્ત્રના જ્ઞાની, દિવસમાં 30-40 કપ ચાય પીનારા અલ્ટીમેટ ચાય-લવર, એકદમ પ્યોર રોમેન્ટિક પતિ અને સોના જેવા ચોખ્ખા દિલના દરિયાદિલ માણસ હતા! ગબ્બર સિંહના ભયાનક રૂપ પાછળ એક વિદ્વાન અને આકર્ષક વ્યક્તિત્વ ધરાવતો કલાકાર છુપાયેલો હતો, જેનું સાચું જીવન બોલિવૂડ ફિલ્મ કરતાં પણ વધુ ડ્રામેટિક, રમૂજી અને ભાવુક હતું.

અમજદ ખાનનો જન્મ 12 નવેમ્બર 1940ના રોજ થયો હતો. તેમના પિતા ઝકારિયા ખાન બોલિવૂડના જાણીતા અભિનેતા હતા, જેમને પ્રકાશ પિક્ચર્સના વિજય ભટ્ટે 'જયંત' નામાભિધાન આપ્યું હતું, પણ અહીં સૌથી મોટો અને મજેદાર ટ્વિસ્ટ એ છે કે જયંત ખાનની ડેબ્યૂ ફિલ્મ 1933માં આવેલી ગુજરાતી ફિલ્મ 'સંસાર લીલા' હતી! એટલે કે અમજદનું ગુજરાતી સિનેમા સાથેનું કનેક્શન તો લોહીમાં જ વણાયેલું હતું!

અમજદ માત્ર સ્ક્રીન પર ડાયલોગબાજી કે એક્શન કરનાર એક્ટર નહોતા, પરંતુ તેઓ ઈન્ડસ્ટ્રીના સૌથી વધુ ભણેલા-ગણેલા સુપરસ્ટાર્સમાંથી એક હતા. તેમણે બોમ્બે યુનિવર્સિટીમાંથી ફિલોસોફી અને પર્શિયન લિટરેચરમાં માસ્ટર્સ કમ્પ્લીટ કર્યું હતું! તેઓ હિન્દી, ઉર્દૂ, અંગ્રેજી અને ફારસી ભાષા એકદમ ફ્લુઅન્ટલી બોલી શકતા હતા. વિચાર કરો, જે માણસ પડદા પર ડાકુ બનીને ગોળીઓ ચલાવતો હતો, એ વાસ્તવમાં ફારસી શાયરીઓ અને ફિલોસોફીનો ઘૂંટડો પીને બેઠેલો વિદ્વાન હતો!

અમજદ અને તેમની પત્ની શેહલા ખાનની લવ સ્ટોરી પણ એકદમ સુપરહિટ બોલિવૂડ ફિલ્મ જેવી રોમેન્ટિક અને ડ્રામેટિક છે. શેહલા જ્યારે માત્ર 14 વર્ષનાં હતાં, ત્યારે અમજદે તેમની કાળી આંખોમાં જોઈને પૂછ્યું હતુંઃ તારું નામ શેહલા છે, એનો મિનિંગ ખબર છે? એનો અર્થ થાય છે કાળી આંખોવાળી! અને પછી તરત જ એક કિલર પ્રોપોઝલ આપતાં કહ્યું હતુંઃ તું જલ્દી મોટી થઈ જા, હું તારી સાથે જ લગ્ન કરવાનો છું!

અમજદ માત્ર પ્રેમ જ નહોતા કરતા, પણ શેહલાના પર્સનલ ટ્યુટર પણ બની ગયા હતા! તેઓ શેહલાને ફારસી ભણાવતા અને તેમના હોમવર્ક તથા એક્ઝામ પેપર્સ પણ ચેક કરતા હતા. આખરે 1972માં બંનેના લગ્ન થયા અને અહીં કુદરતનો સૌથી મોટો ચમત્કાર જુઓ જે દિવસે તેમના પુત્ર શાદાબ ખાનનો જન્મ થયો, બરાબર એ જ દિવસે અમજદને 'શોલે' ફિલ્મમાં ગબ્બર સિંહનો આઈકોનિક રોલ ઓફર થયો હતો! લક અને લવનો આનાથી મોટો ધમાકો બીજો શું હોઈ શકે?

અમજદના જીવનનો સૌથી ક્રેઝી અને રમૂજી કિસ્સો તેમની ચાય-લવિંગ હેબિટ સાથે જોડાયેલો છે! અમજદ 'ચાય'ના ભારે શોખીન હતા અને દિવસમાં 30 થી 40 કપ ચાય પી જતા હતા! જો તેમને શૂટિંગ દરમિયાન ચાય ન મળે તો તેઓ એકદમ અસ્વસ્થ થઈ જતા અને તેમનું કામમાં મન ન લાગતું.

એકવાર પૃથ્વી થિયેટરમાં એક નાટકની રિહર્સલ ચાલી રહી હતી. અમજદે ચાય માંગી, પણ ઘણી વાર સુધી ચાય ન આવી. જ્યારે તેમણે પ્રોડક્શન સ્ટાફને કારણ પૂછ્યું તો તેમણે કહ્યુંઃ સાહેબ, દૂધ ખલાસ થઈ ગયું છે એટલે ચાય નથી બની શકતી. બસ પછી શું! અમજદ ભાઈ ચાય વિના બેચેન થઈ ગયા. બીજા દિવસે સવારે જ્યારે આખો સ્ટાફ સેટ પર પહોંચ્યો તો તેમની આંખો ફાટી ગઈ! અમજદ સેટ પર બે ભેંસો લઈને આવ્યા હતા અને ત્યાં જ બાંધી દીધી! તેમણે હસતાં હસતાં સ્ટાફને કહ્યુંઃ લે હવે દૂધ ક્યારેય ઓછું નહીં પડે, ચાય બનતી રહેવી જોઈએ!

આ કિસ્સો બોલિવૂડના ઈતિહાસના સૌથી ક્રેઝી કિસ્સાઓમાં ગણાય છે.

સફળતા ક્યારેય કોઈને થાળીમાં પીરસીને નથી મળતી. 'શોલે'ના સુપરસ્ટાર વિલન બનતા પહેલાં અમજદને પણ ઈન્ડસ્ટ્રીમાં ભારે રિજેક્શન અને અપમાન સહન કરવું પડ્યું હતું. 'શોલે' પહેલાં તેમને એક ફિલ્મમાં જાણીતા વિલન અજીત સાહેબના રાઈટ હેન્ડનો નાનો રોલ મળ્યો હતો. અમજદ સળંગ બે અઠવાડિયા સુધી રોજ સવારે સેટ પર પહોંચી જતા, કલાકો સુધી મેકઅપ કરીને બેસી રહેતા, પણ તેમને એક પણ શૂટિંગ માટે બોલાવવામાં જ ન આવ્યા!

અંતે એક દિવસે પ્રોડક્શન ટીમે મોઢા પર કહી દીધું કે તમારી કોઈ જરૂર નથી, તમે ઘરે જાઓ. એ સમયે સેટ પરના એક અનુભવી જૂના ડ્રેસમેને અમજદની આ હાલત જોઈને કહ્યું હતુંઃ બેટા, તમે બહુ સીધા અને નિર્દોષ માણસ છો. આ ઈન્ડસ્ટ્રીની ગંદી રાજનીતિ તમારા જેવા ભોળા માણસ માટે નથી.

પણ એ ડ્રેસમેનને ક્યાં ખબર હતી કે આ સીધો માણસ આગળ જઈને આખી બોલિવૂડ ઈન્ડસ્ટ્રીની હિસ્ટ્રી બદલી નાખવાનો હતો!

ડિરેક્ટર રમેશ સિપ્પીએ એક નાટકમાં અમજદની ધમાકેદાર એક્ટિંગ જોઈને ગબ્બરના રોલ માટે સિલેક્ટ કર્યા હતા, પણ સ્ટોરીમાં ટ્વિસ્ટ ત્યારે આવ્યો જ્યારે શૂટિંગના પહેલા શેડ્યૂલમાં અમજદ ખૂબ નર્વસ થઈ ગયા. સેટ પર હાથ પર તમાકુ ચોળતા ચોળતા ડાયલોગ બોલવાના ફર્સ્ટ સીનમાં જ લગભગ 70 રીટેક થયા!

**જે માણસ પડદા પર ડાકુ બનીને ગોળીઓ ચલાવતો હતો, એ વાસ્તવમાં ફારસી શાયરીઓ અને ફિલોસોફીનો ઘૂંટડો પીને બેઠેલો વિદ્વાન હતો!**

ત્યારે રમેશ સિપ્પી અને કેમેરામેને એક માઈન્ડ-બ્લોઈંગ ટ્રીક અપનાવી. તેમણે અમજદને ગબ્બરના જ ગ્રીન કોસ્ચ્યુમમાં સેટ પર મેનેજમેન્ટ અને સેકન્ડ યુનિટ સંભાળવાની જવાબદારી સોંપી દીધી, જેથી તેઓ સેટના માહોલમાં ભળી જાય અને કમ્ફર્ટેબલ થઈ જાય. આ ટ્રીક 100 ટકા કામ કરી ગઈ! બીજા શેડ્યૂલ સુધીમાં તો અમજદે ગબ્બર સિંહના પાત્રમાં એવો જીવ રેડી દીધો કે આજે 50 વર્ષ પછી પણ એ કેરેક્ટર ઈન્ડિયન સિનેમાનો બ્રિલિયન્ટ માઈલસ્ટોન ગણાય છે!

લેજન્ડ

1976માં 'ધ ગ્રેટ ગેમ્બલર'ના શૂટિંગ માટે ગોવા જતી વખતે અમજદની કારનો એક અત્યંત ભયાનક અકસ્માત થયો. તેમની 13 પાંસળીઓ તૂટી ગઈ હતી અને કારનું સ્ટીયરિંગ છાતીમાં ઊંડે સુધી ઘૂસી ગયું હતું. હોસ્પિટલમાં લાઈફ-સેવિંગ ઈમરજન્સી સર્જરી માટે પરિવારના મેમ્બરની સહીની તાત્કાલિક જરૂર હતી.

સમય ખૂબ ઓછો હતો અને સ્થિતિ નાજૂક હતી, ત્યારે બિગ બી અમિતાભ બચ્ચને કોઈ પણ જાતના સંકોચ વગર પોતે પર્સનલ જવાબદારી લીધી અને કન્સન્ટ ફોર્મ પર સહી કરી દીધી! આ હતી રિયલ દોસ્તી!

આ અકસ્માત બાદ મહાન ડિરેક્ટર સત્યજિત રે પણ અમજદને મળવા હોસ્પિટલ આવ્યા હતા અને પ્રેમથી કહ્યું હતુંઃ હું 'શતરંજ કે ખિલાડી' બનાવી રહ્યો છું. જો તું સાજો નહીં થાય, તો હું આ ફિલ્મ બનાવીશ જ નહીં!



આ કિસ્સો દર્શાવે છે કે અમજદનું ઈન્ડસ્ટ્રીમાં કેટલું ઊંચું સન્માન હતું.

અમજદ માત્ર વિલન તરીકે જ નહીં, પરંતુ 'કુર્બાની'માં ઈન્સ્પેક્ટર ખાન અને 'ચમેલી કી શાદી' જેવા મુવીઝમાં પોતાની કિલર કોમિક ટાઈમિંગથી દર્શકોને હસાવી હસાવીને લોટપોટ કરી દેતા હતા! તેઓ માત્ર મોટા એક્ટર નહોતા પણ 'સિને આર્ટિસ્ટ એસોસિએશન'ના પ્રેસિડેન્ટ પણ બન્યા હતા. ત્યાં તેમણે નાના વર્કર્સ, સ્પોટ બોયઝ અને જુનિયર આર્ટિસ્ટ્સના રોકાયેલા પૈસા ચુકવાવવા માટે મોટા મોટા પ્રોડ્યુસર્સ સામે કડક લડત આપી હતી અને પોતે પણ પોતાના ખિસ્સામાંથી ગરીબ આર્ટિસ્ટ્સને મદદ કરતા હતા.

અફસોસ કે 27 જુલાઈ 1992ના રોજ માત્ર 51 વર્ષની ઉંમરે હાર્ટ અટેકથી તેમનું દુઃખદ અવસાન થયું. તેમના અવસાન બાદ દિગ્ગજ રાઈટર સલીમ ખાને પરિવારની પડખે ઢાલ બનીને ઊભા રહી તમામ જવાબદારીઓ સંભાળી હતી. એ સમયે ઈન્ડસ્ટ્રીના પ્રોડ્યુસર્સ પાસે અમજદના 1.27 કરોડ રૂપિયા લેવાના બાકી નીકળતા હતા! પરંતુ તેમની પત્ની શેહલા ખાને પોતાના સ્વભિમાન અને સેલ્ફ-રેસ્પેક્ટ ખાતર ક્યારેય કોઈની પાસે હાથ લંબાવવાની ચોખ્ખી ના પાડી દીધી હતી! ●

## ગાઈડને હિટ કરવામાં વરસાદનો હાથ હતો!

**S.D. બર્મનને શૂટિંગ પહેલાં જ હાર્ટ એટેક આવ્યો, પણ દેવ આનંદે કહ્યું, દાદા, અમે ગમે તેટલી રાહ જોશું, પણ મ્યુઝિક તો તમારું જ રહેશે!**

જો તમને એવું લાગતું હોય કે માત્ર આજકાલના સિનેમામાં જ બિહાઈન્ડ-ધ-સીન્સ ડ્રામા, ક્રોન્ટ્રોવર્સી અને પ્લોટ ટ્વિસ્ટ જોવા મળે છે... તો બોસ, તમે સાવ ખોટા છો! 1965માં આવેલી ફિલ્મ 'ગાઈડ'ની મેકિંગ સ્ટોરી કોઈ નેક્સ્ટ-લેવલ થ્રિલર ફિલ્મથી કમ નથી. આ કોઈ સામાન્ય બ્લેક એન્ડ વ્હાઈટ જમાનાની સ્ટોરી નથી; આમાં હાઈ-લેવલ ઈગો ક્લેશ છે, ડાયરેક્ટર્સના રાજીનામા છે, મોડી રાત્રે બનેલા આઈકોનિક સોંગ્સ છે, 50,000ની લાંચનો ખેલ છે અને વરસાદની સાથે બોક્સ ઓફિસ પર થયેલો ચમત્કારિક કમબેક છે! ચાલો, 'ગાઈડ' ફિલ્મની આ સુપર-ટ્રેન્ડી અને ક્રેઝી સફર પર એક નજર કરીએ!

મુવિયાના

વાત શરૂ થાય છે દેવ આનંદ સાહેબના વિઝનથી. બર્લિન ફેસ્ટિવલમાં ગયા પછી દેવ સાહેબને થયું કે, આપણે પણ હોલિવૂડ લેવલનું કંઈક ગ્લોબલ કરવું છે! એમણે એરપોર્ટ પરથી R.K. નારાયણની ફેમસ નોવેલ 'ધ ગાઈડ' ખરીદી અને અમેરિકન ટીમ સાથે મળીને ઈંગ્લિશ અને હિન્દી બંને ભાષામાં ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું, પણ પછી શરૂ થયો ખરાબ વાઈબ્સ અને કન્ફ્યુઝનનો ખેલ.

દેવ સાહેબના ભાઈ અને ડાયરેક્ટર વિજય આનંદ (ગોલ્ડી)એ સ્ક્રિપ્ટ વાંચીને સોફ્ટલી કહી દીધું સોરી બ્રો, આ સ્ટોરીમાં બધા જ કેરેક્ટર્સમાં રેડ ફ્લેગ્સ છે, મને ફિટ નથી બેસતી!

S.D. બર્મનને શૂટિંગ પહેલાં જ હાર્ટ એટેક આવ્યો, પણ દેવ આનંદે કહ્યું, દાદા, અમે ગમે તેટલી રાહ જોશું, પણ મ્યુઝિક તો તમારું જ રહેશે!

ગીતકાર હસરત જયપુરીએ લખેલું એક ગીત ટીમને પસંદ ન આવ્યું. હસરતજીએ એટીટ્યુડ બતાવ્યો, તો દેવ સાહેબે રોકડા 25,000નો ચેક હાથમાં મૂકીને કહ્યું થેંક યુ, પણ હવે આપણે સાથે કામ નથી કરવું!

એમના બદલે શૈલેન્દ્ર આવ્યા અને રાત્રે 11 વાગ્યે બર્મન દાદા, પંચમ દા અને જયદેવે ભેગા મળીને ચપટી વગાડતામાં 'દિન ઢલ જાયે રાત ના જાયે' ક્રિએટ કરી નાખ્યું! પંચમ દાના કહેવાથી વિશ્વપ્રસિદ્ધ શાંતૂર વાદક પંડિત શિવકુમાર શર્માએ 'મોસે છલ કિયે જાયે' ગીતમાં તબલા વગાડ્યા હતા (વિચારો કેવું ડ્રીમ કોમ્બિનેશન!).

'તેરે મેરે સપ્ને અભ એક રંગ હૈં' ગીતમાં ગોલ્ડીએ કેમેરા મૂવમેન્ટનો એવો જાદુ બતાવ્યો કે કોઈ કટ વગર આખું ગીત માત્ર 3 શોટ્સમાં જ શૂટ થઈ ગયું!

ઈંગ્લિશ વર્ઝન અમેરિકામાં ફ્લોપ ગયું એટલે ઈન્ડિયાના ડિસ્ટ્રિબ્યુટર્સ પેનિક મોડમાં આવી ગયા. ડિસ્ટ્રિબ્યુટર્સની વિચિત્ર ડીમાન્ડ્સ શરૂ થઈઃ બ્રો, એન્ડિંગમાં દેવ આનંદને મારો નહીં! એને હોસ્પિટલમાં એડમિટ કરી દો અને રોઝીને પ્રેગ્નન્ટ બતાવીને હેપી એન્ડિંગ આપી દો! પણ ગોલ્ડી અડગ રહ્યા. એમણે કહ્યું, નો ચેન્જ! રાજુ હવે આ બધી મોહમાયાથી ઉપર ઉઠી ચૂક્યો છે.

રિલીઝના પહેલા 10 વીક સુધી ફિલ્મ ફ્લોપ જેવી જ લાગતી હતી. ચોમાસામાં પણ વરસાદ પડતો ન હતો. દેવ સાહેબે ન્યૂઝપેપરમાં એક મોટી એડ આપી અને અચાનક એ જ દિવસે ધોધમાર વરસાદ પડ્યો! વરસાદ પડતાની સાથે જ પબ્લિકનો મૂડ બદલાયો, માઉથ-પબ્લિસિટી ટ્રેન્ડ કરવા લાગી અને ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ થઈ ગઈ! જ્યારે એવોર્ડ્સની







સીઝન આવી, ત્યારે ફિલ્મફેર કમિટીના કેટલાક લોકોએ એસ.ડી. બર્મન અને ગોલ્ડી પાસે 50,000ની લાંચ માંગી! ગોલ્ડીએ સ્માર્ટ ગેમ રમી. પૈસા આપવાની ના પાડી દીધી અને નોમિનેટ થયેલા બીજા બધા જ ડાયરેક્ટર્સને ફોન કરીને આ કૌભાંડ લીક કરી દીધું! બદનામીના ડરથી કમિટીએ 'ગાઈડ'ને 7 ફિલ્મફેર એવોર્ડ્સ આપ્યા (બેસ્ટ ફિલ્મ, બેસ્ટ ડાયરેક્ટર, બેસ્ટ એક્ટર વગેરે). પણ અફસોસ, બર્મન દાદાને મ્યુઝિકનો એવોર્ડ ન મળ્યો, જેનો અફસોસ દેવ સાહેબને આખી જિંદગી રહ્યો.

ફિલ્મ ઓસ્કાર માટે ભારતની ઓફિશિયલ એન્ટ્રી બની. હોલિવૂડના મોટા લેજેન્ડ્સને ફિલ્મ બહુ ગમી, પણ ઓસ્કાર જીતવા માટે હોલિવૂડમાં આલીશાન પાર્ટીઓ આપવી પડે અને લોબિંગ કરવું પડે તેમ હતું. આનંદ બંધુઓએ કહ્યું, આપણને આવો ફેક ડ્રામા કરીને એવોર્ડ ખરીદવામાં રસ નથી અને તેઓ ઈન્ડિયા પાછા આવી ગયા. આજે પણ 'ગાઈડ' ભારતીય સિનેમાની સૌથી પાવરફુલ ફિલ્મોમાંની એક છે. 2008ના કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં રેડ કાર્પેટ પર ચાલનારી તે પહેલી હિન્દી ફિલ્મ હતી અને આ એક એવી ફિલ્મ છે જેમાં રિયલ લાઈફ વિઝન હતું, ઝનૂન હતું અને પોતાના આર્ટ પરનો અટલ વિશ્વાસ હતો. 'ગાઈડ' માત્ર 60ના દાયકાની ફિલ્મ નથી... એ હંમેશા માટે પ્યોર સિનેમા વાઈબ છે! ●

## આમિરનો સૌથી અજીબ લુક!

બોલિવૂડમાં ઘણી ફિલ્મો આવે છે, સુપરહિટ પણ બને છે અને સમય જતાં લોકો તેને ભૂલી પણ જાય છે. પરંતુ કેટલીક ફિલ્મો એવી હોય છે જે માત્ર બોક્સ ઓફિસની સફળતા સુધી સીમિત રહેતી નથી, પરંતુ વર્ષો પછી પણ ચર્ચાનો વિષય બની રહે છે. 2014માં રિલીઝ થયેલી આમિર ખાન અને અનુષ્કા શર્માની ફિલ્મ 'પીકે' એવી જ એક ફિલ્મ છે. એક એલિયનની નજરે માનવ સમાજને જોવાની અનોખી કલ્પના, ધર્મ અને અંધશ્રદ્ધા પર વ્યંગ, હાસ્યથી ભરપૂર સંવાદો અને લાગણીસભર અંત... આ બધાએ 'પીકે'ને ક્લાસિક ફિલ્મોની યાદીમાં સ્થાન અપાવ્યું.

પરંતુ પડદા પર દેખાતી આ સરળ ફિલ્મ પાછળ કેટલી મહેનત, કેટલી મુશ્કેલીઓ અને કેટલા રસપ્રદ કિસ્સા છુપાયેલા હતા, તેની બહુ ઓછા લોકોને ખબર છે. ચાલો, જાણીએ 'પીકે'ના શૂટિંગ દરમિયાન બનેલી એવી વાતો.

આમિરના લૂકની ફિલ્મમાં તેમનો નિર્દોષ ચહેરો, મોટી-મોટી આંખો અને અજીબ હાવભાવ જ પીકેની ઓળખ બની ગયા હતા. ઘણા લોકોને લાગતું હતું કે આ લૂક પાછળ ભારે VFX હશે, આમિરે ખાસ કોન્ટેક્ટ લેન્સ પહેર્યા હતા અને આંખો સતત વધુ ખુલ્લી રાખવાની કલાકો સુધી પ્રેક્ટિસ કરી હતી. લેન્સને કારણે ઘણી વખત આંખોમાં બળતરા થતી, પાણી આવતું અને આરામ કરવાની સલાહ પણ આપવામાં આવતી, છતાં આમિરે શૂટિંગ રોક્યું નહીં. કદાચ આ જ કારણ છે કે પીકેનું પાત્ર આજે પણ એટલું જ ફેમસ છે.

રાજસ્થાનના રણમાં થયેલું શૂટિંગ આખી ટીમ માટે સૌથી મોટી અગ્નિપરીક્ષા સાબિત થયું હતું. 45 ડિગ્રીથી વધુ તાપમાનમાં કેમેરા પણ ગરમ થઈ જતા હતા. રેતી એટલી તપતી હતી કે ઊભા રહેવું પણ મુશ્કેલ બની જતું. છતાં ફિલ્મમાં આમિરને ઘણી જગ્યાએ ખુલ્લા પગે દોડતા બતાવવામાં આવ્યો છે. તેમણે ખરેખર ગરમ રેતી પર દોડવું પડ્યું હતું, જેના કારણે તેમના પગમાં ઈજા થઈ હતી.

પરદે કે પીછે

ફિલ્મમાં આમિરના હાથમાં દેખાતું નાનકડું ટ્રાન્ઝિસ્ટર આજે પણ ફિલ્મપ્રેમીઓ માટે યાદગાર છે. પરંતુ બહુ ઓછા લોકોને ખબર હશે કે શૂટિંગ દરમિયાન તેના માટે અલગ-અલગ નકલો તૈયાર રાખવામાં આવી હતી. દરેક ટ્રાન્ઝિસ્ટરનું વજન, રંગ, પટ્ટો અને દેખાવ એકસરખો રાખવામાં આવ્યો હતો, જેથી કોઈ દ્રશ્યમાં કન્ટિન્યુટી બગડે નહીં.

ફિલ્મમાં પીકે વારંવાર પાન ચાવતો જોવા મળે છે. પડદા પર આ દ્રશ્યો ખૂબ સરળ લાગે છે, પરંતુ તેની પાછળ એક રમૂજી મુશ્કેલી હતી. એક જ સીન માટે અનેક ટેક આપતાં આમિરને દિવસભર પાન ખાવું પડતું. સાંજ સુધીમાં મોઢામાં બળતરા શરૂ થઈ ગઈ. ત્યારબાદ યુનિટે ખાસ ઓછા મસાલાવાળું પાન તૈયાર કરાવ્યું, જેથી શૂટિંગ સરળતાથી આગળ વધી શકે.



અનુષ્કા શર્માની શોર્ટ હેરસ્ટાઈલ પણ ફિલ્મ રિલીઝ પહેલાં ચર્ચાનો વિષય હતો. ઘણા લોકોએ કહ્યું કે આ લૂક દર્શકોને પસંદ નહીં આવે. પરંતુ રાજકુમાર હિરાનીએ પોતાનો નિર્ણય બદલવાનો ઈનકાર કર્યો. ફિલ્મ રિલીઝ થયા પછી અનુષ્કાનો એ જ હેરકટ યુવતીઓમાં ટ્રેન્ડ બની ગયો અને સોશિયલ મીડિયા પર પણ તેની ભારે ચર્ચા થઈ.

'પીકે'ના ઘણા સીન રીયલ લોકેશન પર ફિલ્માવવામાં આવ્યા હતા. દિલ્હીની ગલીઓ હોય કે રાજસ્થાનના વિસ્તારો, શક્ય હોય ત્યાં સુધી ભવ્ય સેટ ઊભા કરવાને બદલે રીયલ લોકેશન પસંદ કરવામાં આવ્યા. જ્યાં સેટ બનાવવો પડ્યો ત્યાં પણ તેને મર્યાદિત કદમાં તૈયાર કરીને કેમેરા એંગલ અને લાઈટિંગની મદદથી વધુ વિશાળ દેખાડવામાં આવ્યો. આ સ્માર્ટ પ્લાનિંગના કારણે નિર્માતાઓએ લાખો રૂપિયાની બચત કરી અને ફિલ્મ વધુ રીયલ પણ લાગી.

**ઘણા લોકોને લાગતું હતું કે આ લૂક પાછળ ભારે VFX હશે, આમિરે ખાસ કોન્ટેક્ટ લેન્સ પહેર્યા હતા અને આંખો સતત વધુ ખુલ્લી રાખવાની કલાકો સુધી પ્રેક્ટિસ કરી હતી**

ઘણા સીનમાં આમિર સામાન્ય લોકોની વચ્ચે ફરતો જોવા મળે છે. આ સીનને નેચરલ બનાવવા માટે ઘણી વખત માત્ર થોડાક જ ક્રૂ મેમ્બર સાથે શૂટિંગ કરવામાં આવતું હતું. કેમેરા દૂરથી ગોઠવવામાં આવતા હતા. લોકોને ખબર પણ પડી નહોતી કે તેઓ એક ફિલ્મના શૂટિંગનો ભાગ બની રહ્યા છે. કેટલાક લોકોએ આમિરને જોઈને વિદેશી વ્યક્તિ સમજી લીધી. ફિલ્મમાં જગ્ગુ એટલે કે અનુષ્કા શર્મા જે ન્યૂઝરૂમમાં કામ કરતી દેખાય છે, શરૂઆતમાં સાચી મીડિયા ઓફિસમાં શૂટિંગ કરવાની યોજના હતી, પરંતુ ત્યાં સતત કામકાજ ચાલતું હોવાથી તે શક્ય બન્યું નહીં. આખરે સ્ટુડિયોમાં ન્યૂઝરૂમ તૈયાર કરવામાં આવ્યો. કોમ્પ્યુટર, ફોન, સ્ક્રીન, ડેસ્કથી લઈને ન્યૂઝ ચેનલના માહોલ સુધી દરેક વસ્તુને એટલી બારીકીથી ગોઠવવામાં આવી કે કેમેરા સામે તે એકદમ અસલી ઓફિસ જેવી જ લાગી. ફિલ્મના એક સીનમાં દિવાલો પર હજારો પોસ્ટરો જોવા મળે છે. આજના સમયમાં આવી બાબત સરળતાથી કમ્પ્યુટર ગ્રાફિક્સથી કરી શકાય, પરંતુ રાજકુમાર હિરાનીને વાસ્તવિકતા જ જોઈએ હતી. તેથી આર્ટ ડિપાર્ટમેન્ટે કલાકો સુધી મહેનત કરીને દરેક પોસ્ટર હાથથી ચોંટાડ્યા. પડદા પર ભલે આ દ્રશ્ય થોડા સમય માટે દેખાય, પરંતુ તેની પાછળની મહેનત અનેક કલાકોની હતી. રાજસ્થાનમાં સૂર્યાસ્તનો એક મહત્વપૂર્ણ સીન ફિલ્માવવાનો હતો. બે દિવસ સુધી હવામાન સાથ ન આપતાં આખી ટીમે રાહ જોવી પડી. આખરે ત્રીજા દિવસે માત્ર થોડી જ મિનિટ માટે યોગ્ય પ્રકાશ મળ્યો અને આખી યુનિટે શૂટિંગ પૂર્ણ કર્યું. ●